# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-05-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# RAJKOT- DURGHTNA

રાજકોટ TRP ગેમઝોનમાં આગની ઘટનામાં અત્યાર સુધીમાં 28 વ્યક્તિઓના મોત નિપજ્યાં છે. ગઈકાલે રાત્રે બનેલા આ અકસ્માત બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સવારે રાજકોટ પહોંચ્યા હતા. તેમની સાથે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને રાજ્યના વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

ઘટનાસ્થળેથી કાટમાળ હટાવવાની કામગીરી આજ સવારથી ચાલી રહી છે. ઘટના બાદ મુખ્યમંત્રી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ગયા હતા અને ઘાયલોને મળ્યા હતા અને તેમની સારવાર અંગે માહિતી મેળવી હતી.

ગેમઝોનના કાટમાળ નીચે મળેલા મૃતદેહોની હાલત એટલી ખરાબ છે કે તેમની ઓળખ કરવી પણ મુશ્કેલ બની રહી છે. વહીવટીતંત્રે પરિવારના સભ્યોનો ડીએનએ ટેસ્ટ શરૂ કરી દીધો છે, જેથી મૃતદેહો તેમને સોંપી શકાય. આજે સવારે એર એમ્બ્યુલન્સ મારફતે 25 ડીએનએ ગાંધીનગરની એફએસએલ ખાતે મોકલવામાં આવ્યા છે અને આગામી 48 કલાકમાં રિપોર્ટ આવશે.

TRP ગેમ ઝોનમાં આગની ઘટના માટે ઘણા કારણો આપવામાં આવી રહ્યા છે. ફાયર અધિકારીઓનું માનવું છે કે સીડીના વેલ્ડીંગ દરમિયાન જે સ્પાર્ક થયો હતો તેના કારણે બ્લાસ્ટ થયો હતો અને ત્યારબાદ આગ લાગી હતી.

રાજકોટ TRP ગેમ ઝોનના માલિક યુવરાજસિંહ સોલંકી સહિત 11 લોકોની ધરપકડ કરવામાં આવી છે. અન્ય માલિકોની તેમના ઘરે શોધખોળ કરવામાં આવી રહી છે.

# PM/CM- SAHAY JAHER

રાજકોટમાં ગેમઝોનની કરૂણાંતિકામાં 28 નિર્દોષ વ્યક્તિઓએ જીવ ગુમાવ્યાં છે.. આ ઘટના અંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉંડુ દુઃખ વ્યક્ત કરીને

શોકાતુર પરિવારોને સાંત્વના આપીને છે..પ્રધાનમંત્રી રાહત ફંડમાંથી મૃતકોના પરિવારજનોને બે-બે લાખ અને ઘાયલોને પચાસ-પચાસ હજારની સહાયની જાહેરાત કરી છે.

જ્યારે આ ઘટનાની જાણ થતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મૃતકોના પરિવારજનોને ચાર-ચાર લાખની અને ઇજાગ્રસ્તોને પચાસ-પચાસ હજારની સહાયની મુખ્યમંત્રી રાહત ફંડમાંથી જાહેરાત કરી છે.. મુખ્યમંત્રીએ ઇજાગ્રસ્તો જલ્દીથી સાજા થાય તેવી પણ કામના કરી હતી...

# RAJKOT- SUO MOTO

રાજકોટની ગેમઝોન કરૂણાંતિકા મામલે ગુજરાતની વડી અદાલતે સુઓ મોટો દાખલ કરી છે.. આજે સવારે પ્રસિધ્ધ થયેલા વર્તમાનપત્રોને આધારે હાઇકોર્ટે આ કેસને અતિગંભીરતાથી લઇને સુઓ મોટો દાખલ કરવાનો નિર્ણય કર્યો છે... આજે ગુજરાત વડી અદાલતના ન્યાયાધીશ બિરેન વૈષ્ણવ અને દેવેન દેસાઇની ડિવિઝન બેંચે ગેમઝોનમાં નિર્દોષ બાળકોના મોતને ગંભીર મુદ્દો ગણાવીને આ કેસને સુઓ માટો દાખલ કરવાનો નિર્ણય કર્યો હતો અને વડી અદાલતની રજીસ્ટ્રીને આવતીકાલે સુનાવણી કરવામાં આવશે..

ડિવિઝન બેંચે નોંધ્યું છે કે, ગેમઝોન દ્વારા તંત્રની જે મંજૂરી લેવાની હોય છે તે મંજૂરી લીધા વિના ગેમઝોન કાર્યરત કર્યું હતું..

# RAJKOT- SIT

રાજ્યના ગૃહવિભાગે રાજકોટના ગેમઝોન ઘટનાની તપાસ માટે પાંચ સભ્યોની ખાસ તપાસ ટીમ-એસઆઇટીની રચના કરી છે, જેના અધ્યક્ષ સી.આઇ.ડીના અધિક પોલીસ મહાનિદેશક સુભાષ ત્રિવેદી છે. અન્ય સભ્યોમાં જુદા જુદા ક્ષેત્રના નિષ્ણાંતોની નિમણૂંક કરવામાં આવી છે.

રાજકોટ ગેમઝોનની ઘટનાની તપાસ કરીને પ્રાથમિક અહેવાલ 72 કલાકમાં રજૂ કરવાનો રહેશે. આ ઘટનામાં તપાસ ટીમે તમામ પાસાનો અભ્યાસ કરવાનો રહેશે અને તેનો વિસ્તૃત અહેવાલ રાજ્ય સરકારને 10 દિવસમાં રજૂ કરવાનો રહેશે.

દરંમિયાન, રાજકોટ TRP ગેમઝોનમા આગની દુર્ઘટના મામલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ખાસ તપાસ ટુકડી- SIT ના સભ્યો સાથે રાજકોટ હીરાસર એરપોર્ટ ખાતે બેઠક કરી હતી. આ બેઠકમાં મુખ્યમંત્રીએ SITના સભ્યોને ઝડપી અને નિષ્પક્ષ તપાસ માટે આપ્યા છે.

# RAJKOT- HARSH SANGHAVI

ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજકોટમાં ગેમઝોનમાં લાગેલી આગને કારણે સર્જાયેલી ઘટનાની જાત માહિતી મેળવવા રાજકોટ પહોંચ્યા હતા. શ્રી સંઘવીએ ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી અને ઉચ્ચ પદાધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. આ  પ્રસંગે તેમણે આ મુજબ જણાવ્યું હતું...

**(બાઇટ- હર્ષ સંઘવી)**